BUSINESS મિત્ર Plus

વિદેશી રોકાણકારોના જોરે શેરબજારમાં તેજીનો દોર જળવાઇ રહેશે

દિવાળી પુર્વેથી ભારતીય શેરબજારમાં સતત તેજીનો દોર ચાલી રહ્યો છે, પણ મુર્હૂત બાદ શેરબજાર પોરો ખાતો જોવા મળ્યો હતો, જે છેલ્લે નજીવા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જોકે, શેરબજારમાં છેલ્લા 10થી 12 ટ્રેડિંગ સેશનથી વિદેશી રોકાણકારોની સતત ખરીદી જોવા મળી રહી છે, જે બજારનું સેન્ટિમેન્ટ હકારાત્મક દર્શાવી રહ્યું છે.

ખાસ કરીને ઇઝરાયલ અને અમેરિકાના ચુંટણી પરિણામો બાદ ઇરાન પરની યુદ્ધની સંભાવના ઘટી ગઇ છે. જેના લીધે હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી શરૂ થઇ જશે, તેવા આશાવાદની પાછળ ક્રુડ ઓઇલના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

જે ફરી એકવાર 90 ડોલરની આસપાસ બોલાતો થઇ ગયો છે, જો ક્રુડ ઓઇલના ભાવ યથાવત રહેશે તો



રોકાણકારોની પણ લેવાલીનો ટેકો મળશે.

આમ, હાલની સ્થિતિએ ભારતીય શેરબજાર દબાણ હેઠળ હોવાથી તેમાં હજુય સુધારાનો અવકાશ રહેલો છે અને હજુય સેન્સેક્સ અને નિફ્ટી 5થી 10 ટકા સુધી વધે તેવી પુરેપુરી સંભાવના દેખાઇ રહી છે.

ગત સપ્તાહના છેલ્લા દિવસે શેરબજારમાં નફાવસુલી રહી હતી અને સેન્સેક્સ અને નિફ્ટી લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. જેમાં નિફ્ટી 25100 પોઇન્ટની ઉપર બંધ રહી હતી. જ્યારે સેન્સેક્સ 300 પોઇન્ટથી વધુ

ઉંચા ફુગાવાના લીધે ડિસેમ્બરમાં ભારત અને અમેરિકામાં વ્યાજ દર વધવાની સંભાવના

થોડાક સમય બાદ વિશ્વના દેશોના ફુગાવામાં ઘટાડાની શરૂઆત થઇ શકે છે. જેના લીધે અર્થવ્યવસ્થા સુધરશે.

ભારતીય શેરબજારના નીચા વેલ્યુએશન અને એઆઇ સંદર્ભમાં વધતી જતી ચિંતાના પગલે એફઆઇઆઇએ ફરીથી ભારત તરફ રૂખ કર્યું છે અને છેલ્લા 10 દિવસમાં સતત ખરીદી કરતા જોવા મળ્યા છે. જે દર્શાવે છે કે, આગામી દિવસોમાં કોઇ અનિશ્ચિતતા નહીં આવે તો એફઆઇઆઇની ખરીદી ચાલુ રહી શકે છે અને તેના લીધે બજારનો સેન્ટિમેન્ટ સુધરશે તો નાના ઘટ્યો હતો, પરંતુ આ ઘટાડા બાદ પણ શેરબજારના સેન્ટિમેન્ટમાં કોઇ મોટો ફેર પડ્યો નથી. જેથી આવનારા સમયમાં કોઇ અનિચ્છનીય ઘટના ન બને તો શેરબજારમાં તેજીનો દોર આગળ વધશે અને નિફ્ટી 25500 પોઇન્ટની ઉપર તરફ આગેકૂચ કરી શકે છે.

જોકે, આ તેજીમાં હેવીવેઇટ અને લાર્જકેપ શેરોની આગેવાની રહેશે તેવું સ્પષ્ટ લાગી રહ્યું છે. જ્યારે મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં સુધારાની ચાલ ધીમી રહેશે. પરંતુ પસંદગીના શેરોમાં તેજી જળવાઇ રહેશે.

અમેરિકાની મધ્યસત્ર ચુંટણીના પરિણામોમાં ટ્રમ્પને પડેલી પછડાટના લીધે કેટલાક બિલો અને નિયમોમાં ફેરફાર થવાની સંભાવના દેખાઇ રહી છે. ખાસ કરીને ભારતના ટ્રેડ ડીલમાં કેટલીક રાહતો જોવા મળી શકે છે અને જે ટ્રેડ ડીલને લટકાવવામાં રાખવામાં આવ્યું હતું, તેની ટુંકસમમાં જાહેરાત થઇ જશે. ખાસ કરીને ઇરાન પરના યુદ્ધની સંભાવના નહીવંત થઇ ગઇ હોવાથી ક્રુડ ઓઇલની સમસ્યા હળવી થઇ શકે છે. જે ભારત જેવા આયાતી દેશો માટે સૌથી લાભદાયી સાબિત થશે.

અમેરિકાની ફેડરલ રિઝર્વ બેન્ક ઉંચા મોંઘવારી દરના લીધે કડક નાણાકીય પોલિસી તરફ આગેકૂચ કરી રહ્યાના અહેવાલ છે અને આ અંગે એક પછી એક સંકેત મળી રહ્યા છે, તેનાથી એવું સ્પષ્ટ થઇ રહ્યું છે કે, આગામી ડિસેમ્બરની ફેડરલ રિઝર્વની

માર્કેટ વોચ

બેઠકમાં ફેડરેટમાં ઓછામાં ઓછા 25 બેસિસ પોઇન્ટનો વધારો થશે. આની સાથે ક્રુડ ઓઇલના ભાવ ઘટ્યા છે, પણ ભારતમાં પણ મોંઘવારી દરને ઘટતા કે કાબૂમાં આવતા સમય લાગશે, તેને જોતાં આવનારી ડિસેમ્બરમાં મળનારી રિઝર્વ બેન્કની બેઠકમાં પણ વ્યાજદરમાં વધારો થશે. જેમાં 25 બેસિસ પોઇન્ટનો વધારો નિશ્ચિત માનવામાં આવી રહ્યો છે. આમ, આ વ્યાજદર વધારાની અસર શેરબજારમાં જોવા મળી શકે છે, પણ તે પુર્વે બજાર તેને પચાવી નાંખશે અને તેજીનો દોર આગળ વધે તેવું માર્કેટ એનાલિસ્ટોનું માનવું છે.

૩. 12,00,000 વન-ટાઇમ રોકાણ વિરુદ્ધ ૩. 6,000 દર મહિનાની SIP: 15 વર્ષમાં કયું રોકાણ મોટું ફંડ બનાવી શકે ?

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ બે રીતે કરી શકાય છે. તમે કોઇ સ્કીમમાં એકસાથે મોટી રકમ (લમ્પ સમ) રોકી શકો છો અથવા સિસ્ટેમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન (SIP) દ્વારા દર મહિને નાની રકમનું રોકાણ કરી શકો છો. સમય જતાં આ બંને વિકલ્પો સંપત્તિનું નિર્માણ કરવામાં મદદ કરી શકે છે, પરંતુ અંતિમ રકમમાં મોટો તફાવત હોઇ શકે છે. ધારો કે એક વ્યક્તિ મ્યુચ્યુઅલ ફંડમાં લમ્પ સમ તરીકે ૩. ૧૨ લાખનું રોકાણ કરે છે, જ્યારે બીજી વ્યક્તિ દર મહિને ૩. ૬,૦૦૦ની SIP શરૂ કરે છે. બંને ૧૫ વર્ષ સુધી પોતાનું રોકાણ ચાલુ રાખે છે. કયા રોકાણકારનું ફંડ મોટું થઇ શકે છે? આનો જવાબ એ વાત પર આધાર રાખે છે કે કેટલા નાણાં રોકવામાં આવ્યા છે, બજારમાં નાણાં ક્યારે પ્રવેશે છે અને રોકાણના સમયગાળા દરમિયાન કેટલું વળતર મળે છે.

દરેક રોકાણમાં કેટલા નાણાં જાય છે?

ચાલો પહેલા બંને કિસ્સાઓમાં રોકાયેલી રકમને સમજીએ. લમ્પ સમ વિકલ્પમાં, રોકાણકાર શરૂઆતમાં જ મ્યુચ્યુઅલ ફંડમાં ૩. ૧૨ લાખ મૂકે છે અને તેને ૧૫ વર્ષ સુધી રોકાણમાં રહેવા દે છે.

આ સમયગાળા દરમિયાન કોઇ વધારાનું યોગદાન હોતું નથી. જ્યારે SIP વિકલ્પમાં, રોકાણકાર ૧૫ વર્ષ સુધી દર મહિને ૩. ૬,૦૦૦નું રોકાણ કરે છે. આનો અર્થ એ થયો કે ૧૮૦ મહિના દરમિયાન કુલ રોકાણ ૩. ૧૦.૮૦ લાખ થાય છે. આમ, લમ્પ સમ રોકાણકાર SIP રોકાણકાર કરતાં ૩. ૧.૨૦ લાખ વધુ રોકે છે. વધુ એક મહત્ત્વનો તફાવત એ છે કે સમગ્ર ૩. ૧૨ લાખને વધવા માટે પૂરા ૧૫ વર્ષ મળે છે, જ્યારે SIPના દરેક હપ્તાને બજારમાં અલગ-અલગ સમયગાળો મળે છે.

૧૫ વર્ષમાં ૩. ૧૨ લાખ કેટલા વધી શકે છે?

મ્યુચ્યુઅલ ફંડ્સ કોઇ ગેરંટીડ વળતર આપતા નથી. તેમ છતાં, ૮ ટકા, ૧૦ ટકા અને ૧૨ ટકાના ધારણા મુજબના વળતર દ્વારા રોકાણની વૃદ્ધિ સમજી શકાય છે. જો ૩. ૧૨ લાખનું રોકાણ ૧૫ વર્ષ માટે વાર્ષિક ૮ ટકાના અંદાજિત

વેલ્થ ક્રિએશન

વળતર સાથે કરવામાં આવે, તો તે વધીને અંદાજે ૩. ૩૯.૬૮ લાખ થઇ શકે છે. ૧૦ ટકાના અંદાજિત વળતર પર આ રકમ લગભગ ૩. ૫૩.૪૫ લાખ સુધી પહોંચી શકે છે. જો રોકાણને ૧૨ ટકાનું અંદાજિત વળતર મળે, તો અંતિમ ફંડ લગભગ ૩. ૭૧.૯૫ લાખ હોઇ શકે છે. આ ગણતરીઓમાં દર મહિનાની વ્યાજ વૃદ્ધિ (ચક્રવૃદ્ધિ) ધ્યાનમાં લેવામાં આવી છે અને તેમાં ટેક્સ કે અન્ય કપાતનો સમાવેશ થતો નથી.

૩. ૬,૦૦૦ની માસિક SIP વિશે શું?

હવે એવા વ્યક્તિનો વિચાર કરીએ જે સમાન ૧૫ વર્ષના સમયગાળા માટે દર મહિને ૩. ૬,૦૦૦નું રોકાણ કરે છે. વાર્ષિક ૮ ટકાના અંદાજિત વળતર પર, SIP અંદાજે ૩. ૨૦.૭૬ લાખનું ફંડ બનાવી શકે છે. ૧૦ ટકા પર, આ રકમ વધીને લગભગ ૩. ૨૪.૮૭ લાખ થઇ શકે છે. જો અંદાજિત વળતર ૧૨ ટકા હોય, તો અંતિમ ફંડ અંદાજે ૩. ૨૯.૯૭ લાખ સુધી પહોંચી શકે છે. આ ગણતરીઓ દર્શાવે છે કે SIP દર મહિનાના અંતે રોકવામાં આવે છે અને ૧૫ વર્ષ સુધી અવિરત ચાલુ રહે છે. આ માત્ર આંકડાકીય ઉદાહરણો છે; વાસ્તવિક મ્યુચ્યુઅલ ફંડ વળતર બજારના દેખાવ પર જ આધાર રાખશે.



મ્યુચ્યુઅલ ફંડ્સ કોઈ નિશ્ચિત કે ગેરંટીડ વળતર આપતા નથી. જો કે, 8 ટકા, 10 ટકા અને 12 ટકાના ધારણા મુજબના વળતર દ્વારા આપણે એ સમજી શકીએ છીએ કે રોકાણમાં વૃદ્ધિ કેવી રીતે થઈ શકે છે. જો ૩. 12 લાખનું રોકાણ 15 વર્ષ માટે વાર્ષિક 8 ટકાના ધારણા વળતર સાથે કરવામાં આવે, તો આ ફંડ વધીને અંદાજે ૩. 39.68 લાખ સુધી પહોંચી શકે છે

રોકાણકારો હજુ પણ SIP શા માટે પસંદ કરે છે?

SIP રોકાણકારોને મોટી રકમ ઉપલબ્ધ થવાની રાહ જોયા વગર નાની રકમથી શરૂઆત કરવાની છૂટ આપે છે. જે નોકરીજીવુ લોકો પોતાની માસિક આવકનો અમુક ભાગ રોકવા માંગતા હોય તેમના માટે આ ખૂબ જ અનુકૂળ છે. SIP રોકાણને બજારના વિવિધ સ્તરો પર ફેલાવે છે. જ્યારે મ્યુચ્યુઅલ ફંડના યુનિટના ભાવ ઘટે છે, ત્યારે તે જ માસિક રકમથી વધુ યુનિટ ખરીદી શકાય છે. જ્યારે ભાવ વધે છે, ત્યારે ઓછા યુનિટ ખરીદાય છે. આને 'રૂપી કોસ્ટ એવરેજિંગ' કહેવામાં આવે છે. જો કે, SIP નફાની કોઇ ખાતરી આપતી નથી કે રોકાણકારોને બજારના નુકસાનથી બચાવતી નથી. બીજી બાજુ, લમ્પ સમ રોકાણ સમગ્ર રકમને તરત જ બજારના જોખમમાં મૂકે છે. જો રોકાણ કર્યા પછી તરત જ બજારમાં તીવ્ર ઘટાડો થાય, તો આખી રકમનું મૂલ્ય ઘટી શકે છે.

તમારે કયો વિકલ્પ પસંદ કરવો જોઇએ?

જે વ્યક્તિ પાસે પહેલેથી જ ૩. ૧૨ લાખ ઉપલબ્ધ છે, તે લાંબા ગાળાના લક્ષ્ય માટે લમ્પ સમ રોકાણ કરવાનું વિચારી શકે છે જો તેઓ બજારના ઉતાર-ચઢાવ સહન કરવા સક્ષમ હોય. જે વ્યક્તિ માસિક કમાણી કરે છે અને ક્રમશ: રોકાણ કરવા માંગે છે, તેના માટે SIPનું સંચાલન કરવું વધુ સરળ બની શકે છે. આ દર્શાવે છે કે જો પૂરેપૂરી રકમ ધારણા મુજબના વળતર પર ૧૫ વર્ષ સુધી રોકાયેલી રહે, તો લમ્પ સમ રોકાણ ઘણું મોટું ફંડ બનાવી શકે છે.

જો કે, વાસ્તવિક પરિણામ બજારની હિલચાલ, રોકાણના સમય અને પસંદ કરેલા મ્યુચ્યુઅલ ફંડના દેખાવ પર આધાર રાખશે. તેથી, નિર્ણય માત્ર અંદાજિત ફંડને ધ્યાનમાં રાખીને નહીં, પરંતુ ઉપલબ્ધ નાણાં, રોકાણનો સમયગાળો અને જોખમ ઉઠાવવાની ક્ષમતાને આધારે લેવો જોઇએ.

CEPA હેઠળ વેપાર - નિકાસ વધારવા ભારત અને ઇજિપ્ત વચ્ચે દ્વિપક્ષીય ફ્રી ટ્રેડ કરાર કરવા પ્રયાસો

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલ દ્વિપક્ષીય આર્થિક અને વાણિજ્યિક સંબંધોને મજબૂત કરવા માટે બે દિવસની સત્તાવાર મુલાકાતે ઇજિપ્તના કૈરો ખાતે પહોંચ્યા હતા. શનિવારે હેલિયોપોલિસ વોર સિમેટ્રી ખાતે ભારતીય સૈનિકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી અને કૈરોમાં ભારતીય સમુદાયના સભ્યો સાથે મુલાકાત કરી હતી.આ મુલાકાતનો ઉદ્દેશ્ય ભારત-ઇજિપ્ત વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાનો અને વેપાર, રોકાણ તથા ઔદ્યોગિક વિકાસમાં સહયોગ વિસ્તારવાનો છે.વેપાર અને રોકાણની તકો શોધવા માટે 130 થી વધુ ભારતીય ઉદ્યોગપતિઓ પીયૂષ ગોયલ સાથે ઇજિપ્તની મુલાકાતે ગયા હતા.

પીયૂષ ગોયલે ભારત-ઇજિપ્ત સંબંધોની મજબૂતાઈ પર પ્રકાશ પાડતા નોંધ્યું હતું કે આશરે 6.5 બિલિયન યુએસ ડોલરનો દ્વિપક્ષીય વેપાર એ બંને પ્રાચીન સભ્યતાઓ વચ્ચેની ભાગીદારીની માત્ર શરૂઆત દર્શાવે છે. ભારતીય સમુદાયને બંને દેશો વચ્ચેના જીવંત સેતુ તરીકે વર્ણવતા, તેમણે ઇજિપ્તમાં કાર્યરત લગભગ 70 ભારતીય કંપનીઓના યોગદાનને રેખાંકિત કર્યું હતું, જેમના

બિઝનેસ વ્યૂ

રોકાણો 5 બિલિયન યુએસ ડોલરથી વધુ છે અને જે ઇજિપ્તના નાગરિકો માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારનું સર્જન કરે છે.

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલની આરબ રિપબ્લિક ઓફ ઇજિપ્તની સત્તાવાર મુલાકાતનો ઉદ્દેશ્ય લાંબા સમયથી ચાલી રહેલી ભારત-ઇજિપ્ત ભાગીદારીને વધુ મજબૂત બનાવવાનો છે, જેમાં દ્વિપક્ષીય વેપાર વધારવા, રોકાણને પ્રોત્સાહન આપવા, ઔદ્યોગિક સહકાર વધારવા અને બિઝનેસ-ટુ-બિઝનેસ જોડાણને મજબૂત કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

આ મુલાકાતમાં ભારત-ઇજિપ્ત સંયુક્ત વ્યાપાર સમિતિ (JTC) ના 7મા સત્ર, ભારત-ઇજિપ્ત સંયુક્ત બિઝનેસ કાઉન્સિલ (JBC)ની બેઠક અને ભારત-ઇજિપ્ત બિઝનેસ ફોરમની મેજબાની ઇજિપ્તના રોકાણ અને વિદેશ વ્યાપાર મંત્રી મહામહિમ ડો. મોહમ્મદ ફરીદ સાલેહ દ્વારા કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં ઇજિપ્તના વરિષ્ઠ મંત્રીઓ સાથે દ્વિપક્ષીય બેઠકો, અગ્રણી બિઝનેસ પ્રતિનિધિઓ સાથે વાતચીત અને



આફ્રિકન એક્સપોર્ટ-ઇમ્પોર્ટ બેંક (Afreximbank), ઇજિપ્શીયન જુનિયર બિઝનેસમેન એસોસિએશન અને ઇજિપ્ત-ભારત સ્ટાર્ટઅપ્સ ફોરમ સાથેની બેઠકોનો પણ સમાવેશ થશે. આ બેઠકો દ્વિપક્ષીય વેપાર, રોકાણ, ઔદ્યોગિક સહકાર અને નવીનતાના જોડાણોને નવી ઊર્જા પૂરી પાડશે તેવી અપેક્ષા છે.

JTC ની ચર્ચાઓ ચર્ચાઓમાં બજાર પહોંચના મુદ્દાઓ, બિન-ટેરિફ અવરોધો, વેપાર ઉપાયો, કૃષિ અને ખાદ્ય ઉત્પાદનો, ફાર્માસ્યુટિકલ્સ અને આરોગ્યસંભાળ, એન્જિનિયરિંગ સામાન, રસાયણો અને પેટ્રોકેમિકલ્સ, બંને પક્ષો એકબીજાના બજારોમાં વ્યવસાયોની વધુ ભાગીદારીને સરળ બનાવવા, સંસ્થાકીય પદ્ધતિઓને મજબૂત કરવા, વેપાર સંબંધિત ચિંતાઓને દૂર કરવા અને રોકાણ ભાગીદારીને પ્રોત્સાહન આપવાના પગલાં અંગે પણ ચર્ચા કરશે તેવી અપેક્ષા છે. સુએઝ કેનાલ ઇકોનોમિક ઝોન, ઔદ્યોગિક વિકાસ, ઉત્પાદન, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, બંદરો અને લોજિસ્ટિક્સ અને પ્રાદેશિક મૂલ્ય શૃંખલાઓમાં સહકારની તકો પણ ચર્ચામાં સ્થાન પામશે તેવી અપેક્ષા છે. ઇજિપ્તનું વ્યૂહાત્મક ભૌગોલિક સ્થાન ભારતીય વ્યવસાયોને દેશમાં તેમની

નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન ઇજિપ્તમાં ભારતની નિકાસ 3.87 બિલિયન USD અને ઇજિપ્તમાંથી આયાત 2.60 બિલિયન USD રહી,64% વૃદ્ધિ સાથે એપ્રિલ-સપ્ટેમ્બર 2026 દરમિયાન ભારતનો દ્વિપક્ષીય મર્ચેન્ડાઇઝ વેપાર 5.04 બિલિયન USD નોંધાયો

ખાતરો, કાપડ, MSMEs, કસ્ટમ્સ સહકાર, સેવાઓ, નવીનીકરણીય ઊર્જા, ગ્રીન હાઇડ્રોજન, પરિવહન અને લોજિસ્ટિક્સ તેમજ પરસ્પર હિતના અન્ય ક્ષેત્રોને આવરી લેવામાં આવશે તેવી અપેક્ષા છે.

એપ્રિલ-સપ્ટેમ્બર 2026 દરમિયાન દ્વિપક્ષીય મર્ચેન્ડાઇઝ વેપાર 5.04 બિલિયન USD રહ્યો હતો, જે પાછલા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં 64 ટકાની વૃદ્ધિ દર્શાવે છે. નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન ઇજિપ્તમાં ભારતની નિકાસ 3.87 બિલિયન USD હતી, જ્યારે ઇજિપ્તમાંથી આયાત 2.60 બિલિયન USD રહી હતી. ઇજિપ્તમાં ભારતની મુખ્ય નિકાસમાં માંસ અને મરઘાં ઉત્પાદનો, પેટ્રોલિયમ ઉત્પાદનો, ઓર્ગેનિક રસાયણો, કપાસ અને મશીનરીનો સમાવેશ થાય છે, જ્યારે તેની મુખ્ય આયાતમાં ક્રૂડ પેટ્રોલિયમ, ખાતરો, કપાસ અને ખનિજ ઉત્પાદનોનો સમાવેશ થાય છે.

હાજરી મજબૂત કરવા અને સમગ્ર આફ્રિકા, મધ્ય પૂર્વ અને યુરોપના બજારો સુધી પહોંચવા માટે નોંધપાત્ર તકો પ્રદાન કરે છે.

આ મુલાકાત ઉત્તર આફ્રિકાના એક મહત્વપૂર્ણ ભાગીદાર અને પ્રાદેશિક બજારોના વ્યૂહાત્મક પ્રવેશદ્વાર એવા ઇજિપ્ત સાથે તેના આર્થિક જોડાણને મજબૂત કરવાની ભારતની સતત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. બંને દેશો પાસે ઉત્પાદન, ફાર્માસ્યુટિકલ્સ, ઓટોમોબાઇલ્સ, કાપડ, રસાયણો, એન્જિનિયરિંગ સામાન, ફૂડ પ્રોસેસિંગ, નવીનીકરણીય ઊર્જા, લોજિસ્ટિક્સ અને ઉભરતી ટેકનોલોજીમાં સહકાર વધારવાની નોંધપાત્ર તકો છે. આ મુલાકાત ભારત-ઇજિપ્ત આર્થિક ભાગીદારીને નવી ગતિ આપશે, સંસ્થાકીય સહકારને મજબૂત કરશે અને ભારતીય અને ઇજિપ્શીયન વ્યવસાયો માટે નવી તકો ઊભી કરશે તેવી અપેક્ષા છે.

ખનિજોની સ્થાનિક ઉપલબ્ધતા સાથે બેટરી રિસાયક્લિંગ ક્ષમતાને મજબૂત કરવા લિથિયમ-આયન બેટરી બ્લેક માસની નિકાસ પર પ્રતિબંધ



ડિરેક્ટરેટ ઓફ ફોરેન ટ્રેડે સ્થાનિક રિસાયક્લિંગ અને નિર્ણાયક ખનિજોની પુન:પ્રાપ્તિને મજબૂત કરવા માટે લિથિયમ-આયન બેટરી બ્લેક માસની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે.આ માપદંડનો ઉદ્દેશ્ય નિર્ણાયક ખનિજોની સ્થાનિક ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો, બેટરી રિસાયક્લિંગ ક્ષમતાને મજબૂત કરવાનો અને આયાત પરની નિર્ભરતા ઘટાડવાનો છે. આ પગલું સરકારના નિર્ણાયક ખનિજ રિસાયક્લિંગ માટેના ૩.1,500 કરોડની પ્રોત્સાહક યોજનાને પૂરક બનાવશે વાણિજ્ય વિભાગ હેઠળના વિદેશ વેપાર મહાનિદેશાલય (DGFT) એ ITC(HS) કોડ 85491400 હેઠળ આવતા લિથિયમ-આયન બેટરી બ્લેક માસની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે. 10 નવેમ્બર 2026 ના રોજની અંક નં. 49/2026-27 ના નોટિફિકેશન દ્વારા, આ વસ્તુની નિકાસ નીતિ તત્કાળ અસરથી અને આગળના આદેશો સુધી 'મુક્ત' (ફ્રી) માંથી ફેરવીને 'પ્રતિબંધિત' કરવામાં આવી છે. વિદેશ વેપાર નીતિ (FTP), 2023 ના પેરા 1.05 હેઠળની સંક્રમણકાલીન વ્યવસ્થાઓ (ટ્રાન્ઝિશનલ અરેન્જમેન્ટ્સ) લાગુ થશે. ITC(HS) કોડ 85491400 એ પ્રાઇમરી સેલ્સ, પ્રાઇમરી બેટરીઓ અને ઇલેક્ટ્રિક એક્યુમ્યુલેટર્સના કચરા અને સ્ક્રેપ તેમજ વપરાયેલા સેલ્સ, બેટરીઓ અને એક્યુમ્યુલેટર્સને આવરી લે છે, જે અસંબંધિત છે અને તેમાં સીસું, કેડમિયમ અથવા પારો હોતા નથી. સૂચનામાં ખાસ કરીને આ વસ્તુને લિથિયમ-આયન બેટરી બ્લેક માસ તરીકે વર્ણવવામાં આવી છે. બ્લેક માસ એ આયુષ્ય પૂર્ણ કરી ચૂકેલી લિથિયમ-આયન બેટરીઓ અને બેટરી ઉત્પાદન કચરાના ટુકડા (શ્રેડિંગ) કરવાથી મેળવેલી પાવડર જેવી સામગ્રી છે. તેમાં લિથિયમ, કોબાલ્ટ, નિકલ અને મેંગેનીઝ સહિતના નિર્ણાયક ખનિજોનો પુન:પ્રાપ્ત કરી શકાય તેવો જથ્થો હોય છે. નિર્ણાયક ખનિજો ઇલેક્ટ્રિક ગતિશીલતા, અદ્યતન રસાયણશાસ્ત્ર સેલ બેટરીઓ, ઊર્જા સંગ્રહ, ઇલેક્ટ્રોનિક્સ અને પુન:પ્રાપ્ય ઊર્જા માટે આવશ્યક ઇનપુટ્સ છે. ભારત આમાંથી કેટલાંક ખનિજો માટે મુખ્યત્વે આયાત પર નિર્ભર છે. આ સંસાધનોનો સ્થાનિક પુરવઠો વિકસાવવા માટે બેટરી કચરાનું રિસાયક્લિંગ એ સૌથી ઝડપી અને સૌથી ટકાઉ માર્ગોમાંથી એક છે. જ્યારે બેટરીના કચરાને રિસાયકલ કરવાની અને તેમાંથી નિર્ણાયક ખનિજોને શુદ્ધ કરવાની દેશની ક્ષમતા નોંધપાત્ર રીતે વધી છે, ત્યારે અપૂરતી ફીડસ્ટોક ઉપલબ્ધતાને કારણે તેનો સંપૂર્ણ ઉપયોગ થઈ રહ્યો નથી. ભારતમાં જનરેટ થતા બ્લેક માસની નિકાસ આ મૂલ્યવાન દ્વિતીયક સંસાધનને વિદેશમાં ડાયવર્ટ કરે છે, જ્યારે સ્થાનિક રિસાયકલર્સે, કેટલાક કિસ્સાઓમાં, તેમની જરૂરિયાતો પૂરી કરવા માટે સામગ્રીની આયાત કરવી પડી છે. નિકાસ પ્રતિબંધનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે ભારતમાં જનરેટ થતા બ્લેક માસને દેશની અંદર જ રિસાયકલ અને શુદ્ધ કરવામાં આવે. આ પગલાથી સ્થાનિક રિસાયક્લિંગ અને રિફાઇનિંગ યુનિટ્સ માટે ફીડસ્ટોક ઉપલબ્ધતાની ખાતરી મળવાની, તેમની ક્ષમતાના ઉપયોગમાં સુધારો થવાની અને આ ક્ષેત્રમાં વધુ રોકાણ અને રોજગારીને પ્રોત્સાહન મળવાની અપેક્ષા છે. તે લિથિયમ, કોબાલ્ટ, નિકલ અને અન્ય નિર્ણાયક ખનિજોની સ્થાનિક પુન:પ્રાપ્તિમાં વધારો કરશે, જેનાથી આયાત પરની નિર્ભરતા અને તેનાથી સંબંધિત વિદેશી હૂંડિયામણનો બહાર જતો પ્રવાહ ઘટશે. તે આત્મનિર્ભર ભારતના વિઝનને અનુરૂપ બેટરી ઉત્પાદન, ઇલેક્ટ્રિક વાહનો, ઊર્જા સંગ્રહ અને સ્વચ્છ-ઊર્જા ટેકનોલોજી માટે સપ્લાય ચેઇનને પણ મજબૂત કરશે.

વધુમાં, આ પગલું સર્કયુલર ઇકોનોમી અને 'અર્બન માઇનિંગ'ને આગળ ધપાવશે, પ્રાથમિક ખનન પરની નિર્ભરતા ઘટાડશે, જ્યારે લાગુ પર્યાવરણીય નિયમો અનુસાર દેશની અંદર આ ખતરનાક સામગ્રીના પર્યાવરણને અનુકૂળ રિસાયક્લિંગને ટેકો આપશે. આ પગલું નેશનલ ક્રિટિકલ મિનરલ મિશન (NCMM) હેઠળ સરકારની પહેલોને પૂરક બનાવે છે, જેમાં બેટરી કચરો અને ઇ-કચરા જેવા દ્વિતીયક સ્ત્રોતોમાંથી નિર્ણાયક ખનિજોના પૃથક્કરણ અને ઉત્પાદન માટે રિસાયક્લિંગ ક્ષમતા વિકસાવવા માટે સપ્ટેમ્બર 2025 માં કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂર કરવામાં આવેલી ૩.1,500 કરોડની પ્રોત્સાહક યોજનાનો પણ સમાવેશ થાય છે. દેશની અંદર બ્લેક માસ જાળવી રાખવાથી યોજના હેઠળ વિકસાવવામાં આવી રહેલી રિસાયક્લિંગ ક્ષમતા પાસે પર્યાપ્ત સ્થાનિક ફીડસ્ટોકની પહોંચ સુનિશ્ચિત કરવામાં મદદ મળશે. આ પગલું સ્થાનિક પ્રક્રિયા માટે નિર્ણાયક ખનિજ ધરાવતા બેટરી કચરા અને બ્લેક માસને જાળવી રાખવા માટે અગ્રણી અર્થતંત્રો દ્વારા અપનાવવામાં આવેલા માપદંડોને અનુરૂપ પણ છે.

મોંઘવારીનો ભડકો મોદીસરકાર માટે મોટો પડકાર બની રહેશે

દેશમાં મોંઘવારીનો માર હવે સામાન્ય નાગરિકોના ઘરેલું બજેટ પર સ્પષ્ટ રીતે જોવા મળી રહ્યો છે. આરબીઆઇની મર્યાદાને પણ મોંઘવારી વટાવી દીધી છે અને હજુય પણ આ દરમાં વધારો થવાની સંભાવના છે. આ સંજોગોમાં જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવમાં સતત વધારાને કારણે મધ્યમ અને ગરીબ વર્ગના પરિવારો માટે ઘર ચલાવવું મુશ્કેલ બની રહ્યું છે. ખાસ કરીને રસોડામાં દરરોજ વપરાતી શાકભાજી, કઠોળ, ખાદ્યતેલ, દૂધ અને અન્ય ખાદ્યપદાર્થોના ભાવ વધતાં પરિવારના માસિક ખર્ચમાં નોંધપાત્ર વધારો થયો છે.

એક અહેવાલ મુજબ, છેલ્લા છ મહિનામાં ડુંગળીના ભાવમાં આશરે 126 ટકાનો વધારો થયો છે, જ્યારે ખાંડના ભાવમાં 31 ટકાનો ઉછાળો નોંધાયો છે. આ ઉપરાંત દાળ, ખાદ્યતેલ અને દૂધના ભાવમાં પણ વધારો થતાં સામાન્ય પરિવારોને રોજિંદા ખર્ચનું ગણિત ફરીથી ગોઠવવાની ફરજ પડી છે.

મોંઘવારીની ગંભીરતા માત્ર શાકભાજીના ભાવ વધવા પૂરતી મર્યાદિત નથી. સરકારી આંકડા પણ ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે. કેન્દ્રીય આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના 12 નવેમ્બર, 2026ના રોજ જાહેર થયેલા આંકડા મુજબ,

ઇકોનોમી ઇન્સાઇડર

ઓક્ટોબર મહિનામાં દેશનો છૂટક મોંઘવારી દર વધીને 6.09 ટકા થયો છે, જે સપ્ટેમ્બરમાં 5.54 ટકા હતો, જે ઝડપી વધ્યો છે. બીજી તરફ, ખાદ્ય મોંઘવારીનો દર 7.74 ટકાથી વધીને 8.94 ટકા થયો છે. એટલે કે સામાન્ય પરિવારોને સૌથી વધુ અસર કરતી ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં મોંઘવારીનો દર વધુ ઝડપથી વધી રહ્યો છે.

મોંઘવારીની અસર શહેરી વિસ્તારોની સરખામણીએ ગ્રામ્ય વિસ્તારોમાં વધુ જોવા મળી રહી છે. ઓક્ટોબરમાં ગ્રામ્ય મોંઘવારીનો દર 6.63 ટકા રહ્યો હતો, જ્યારે શહેરી વિસ્તારોમાં તે 5.41 ટકા નોંધાયો હતો. ખાદ્ય મોંઘવારી પણ ગ્રામ્ય વિસ્તારોમાં 9.09 ટકા અને શહેરી વિસ્તારોમાં 8.68 ટકા રહી હતી. ગ્રામ્ય પરિવારોની આવકનો મોટો હિસ્સો ખોરાક અને જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ પાછળ ખર્ચાતો હોવાથી ભાવવધારાની અસર તેમની ખરીદશક્તિ પર સીધી પડે છે.

બીજી સૌથી વધુ મોંઘવારીની અસર



મધ્યમ વર્ગના પરિવારો પર પડી રહી છે. પગારદાર વર્ગની આવકમાં વધારો મર્યાદિત હોય છે, પરંતુ ઘરખર્ચમાં વધારો સતત થતો રહે છે. પહેલાં જે પરિવાર મહિને ૩. 10થ